# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 10-04-2025 Day: Thursday Morning : 6.50 to 6.55am**

આકાશવાણી ભુજ સમાચાર **નેહલ ઠક્કર** વાંચે છે.

---

## રાજ્ય સરકાર- ધારાસભ્યોને અનુદાન

રાજ્ય સરકારે ધારાસભ્યોના અનુદાનમાં એક કરોડ રૂપિયાનો વધારો કર્યો છે. તે મુજબ ધારાસભ્યોને હવે એક કરોડ 50 લાખ રૂપિયાની જગ્યાએ બે કરોડ 50 લાખ રૂપિયા વિકાસકાર્યો માટે અપાશે. રાજ્ય સરકારના પ્રવક્તા મંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યું હતું કે ધારાસભ્યોએ આ રકમમાંથી 50 લાખ રૂપિયાના કામ જળસંગ્રહ અને જળસંચય માટે શરૂ કરાયેલા 'કૅચ ધ રૅઈન' અભિયાન માટે કરવા પડશે.

------------------------------------------------------------------------------------

## ગ્રામ પંચાયત-ઇન્ડેક્સ

રાજ્યની 346 ગ્રામ પંચાયતને પ્રથમ પંચાયત ઍડવાન્સમૅન્ટ ઇન્ડેક્સ **P.A.I.** 2022-23ની ફ્રન્ટ રનર શ્રેણીમાં સ્થાન પ્રાપ્ત થયું છે. પંચાયતીરાજ મંત્રાલય મંત્રાલય દ્વારા જાહેર કરાયેલા આ ઇન્ડેક્સ હેઠળ 29 રાજ્યોની બે લાખ 16 હજાર ગ્રામ પંચાયતનું મુલ્યાંકન કરાયું છે, જેમાં રાજ્યની 346 ગ્રામ પંચાયત ટોચનું પ્રદર્શન કરનારી યાદીમાં સ્થાન મેળવ્યું છે.

સત્તાવાર યાદી મુજબ, પંચાયત એડવાન્સમૅન્ટ ઇન્ડેક્સ ભારત સરકાર દ્વારા ડેટા-આધારિત શાસન સંચાલિત કરવા તેમજ ગ્રામ્યસ્તરે 17 ટકાઉ વિકાસ લક્ષ્યાંક- **SDG** હાંસલ કરવાને પ્રોત્સાહન આપવાની સીમાચિહ્ન પહેલ છે. આ ઇન્ડેક્સ હેઠળ મૂલ્યાંકન માટે, ગરીબીમાં ઘટાડો, આરોગ્ય, શિક્ષણ, પર્યાપ્ત પાણી પૂરવઠો, સ્વચ્છ પર્યાવરણ, માળખાગત સુવિધા, સામાજિક ન્યાય, શાસન અને મહિલા સશક્તિકરણ જેવા નવ મહત્વની વિષયવસ્તુઓમાં 435 જેટલા યુનિક સ્થાનિક સૂચકાંકોનો ઉપયોગ કરાય છે.

---

## રાજ્યપાલ-મુખ્યમંત્રી મહાવીર જયંતી

રાજ્યપાલ આચાર્ય દેવવ્રત અને રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે મહાવીર જન્મકલ્યાણકના પાવન અવસરે રાજ્યના તમામ નાગરિકોને વિશેષ કરીને જૈન પરિવારોને હાર્દિક શુભેચ્છાઓ પાઠવી છે. આ પાવન પર્વે રાજ્યપાલ આચાર્ય દેવવ્રતએ કહ્યું છે કે, ભગવાન મહાવીરનું જીવન અને તેમનો સંદેશ આજે પણ સમગ્ર માનવજાત માટે પ્રેરણારૂપ છે. મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું છે કે, કરૂણા અને અહિંસાના તત્વ ચિંતનને ભગવાન મહાવીર સ્વામીએ જીવન આચરણથી હંમેશા આત્મસાત કરાવ્યું છે. આ દિવસે જૈન ધર્મના પાયામાં  રહેલા કરુણા અને અહિંસાના વ્રતોને આત્મસાત કરવાનો સંકલ્પ સૌ કોઈ લે તે જરૂરી છે.

---

## કચ્છ મહાવીર જયંતી

સમગ્ર વિશ્વને કરુણા અહિંસા અને પ્રેમનો સંદેશ આપનાર જૈનોના 24મા તીર્થંકર ભગવાન મહાવીર સ્વામીના 2623 મા કલ્યાણ ક પર્વની આજે શ્રધ્ધા અને ભક્તિભાવ પૂર્વક ઉજવણી થઈ રહી છે ભુજ અંજાર માંડવી ગાંધીધામ સહિત. નગરો અને  ગામો માં સહિત ધાર્મિક સાંસ્કૃતિક કાર્યક્રમો  નું આયોજન થયું છે આ નિમિતે  પશુધન ને લીલો ચારો વિગેરે નું વિતરણ કરાશે શ્રમિક પરિવારો   દિવ્યાંગ ને મિષ્ટ ભોજન કરાવશે  જૈનો ના પંચ તિર્થીય સ્થળોએ પણ આ પર્વ ઉજવાશે.

---

## ઋષિકેશ પટેલ- જીકાસ પોર્ટલ

રાજ્યના ઉચ્ચ અને ટૅક્નિકલ શિક્ષણ મંત્રી ઋષિકેશ પટેલે મહાવિદ્યાલયોમાં પ્રવેશ માટે કોઈ વિદ્યાર્થીને હાલાકી ન પડે તેનું વિશેષ ધ્યાન રાખવા સૂચના આપી છે. ગાંધીનગરમાં

યોજાયેલી ગુજરાત કૉમન એડમિશન સર્વિસીઝ એટલે કે, જીકાસ પૉર્ટલની સમીક્ષા બેઠકમાં શ્રી પટેલે આ સૂચના આપી હતી. દરમિયાન તેમણે આ વર્ષે યોજાનારી પ્રવેશ પ્રક્રિયા તેમ જ જીકાસ પૉર્ટલ માટેની પ્રવેશ સલાહકાર સમિતિની ભલામણોની પણ સમીક્ષા કરી હતી.

---------------------------------------------------------------------------------

## સરદાર પોસ્ટ

ગઇકાલે સીઆરપીએફના ઉચ્ચ અધિકારીશ્રીઓએ સરદાર પોસ્ટ ખાતે શૌર્ય દિવસની ઉજવણીના કાર્યક્રમમાં સહભાગી થઈને શહીદોના બલિદાનને યાદ કર્યું હતું. આ કાર્યક્રમમાં સીઆરપીએફની સાથે બીએસએફ અને પોલીસ વિભાગના ઉચ્ચ અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ શૌર્ય દિવસની ઉજવણી દરમિયાન સીઆરપીએફ દ્વારા સરદાર પોસ્ટ ખાતે બેન્ડ સાથે શહીદોને શ્રદ્ધાંજલિ અને વીરતાની ગાથાને યાદ કરવામાં આવી હતી. આ શૌર્ય દિવસના કાર્યક્રમમાં સીઆરપીએફ મુંબઈના આઈજી વિરેન્દ્ર અગ્રવાલ, કચ્છ બીએસએફના ડીઆઈજી અનંતકુમાર સિંઘ, ગાંધીનગર સીઆરપીએફના ડીઆઈજી ધર્મેન્દ્ર સિંહ વિસેન સહિત સીઆરપીએફ અને બીએસએફના ઉચ્ચ અધિકારીશ્રીઓ, સૈનિકો ઉપસ્થિત રહ્યા હતા.

---------------------------------------------------------------------------------

## સ્મૃતિવન ધરતીકંપ સ્મારક મેમોરિયલ

કચ્છના ભુજમાં આવેલ સ્મૃતિવન ધરતીકંપ સ્મારક મેમોરિયલ અને સંગ્રહાલય સોમવારે આવતી જાહેર રજાના દિવસે ખુલ્લું રહેશે. જેમાં એપ્રિલ મહિનામાં 14 તારીખે ડૉ. બાબાસાહેબ આંબેડકર જયંતી અને 28 ના પરશુરામ જયંતીના એક દિવસ પહેલા ખુલ્લું રહેશે, જ્યારે 15 અને 30 એપ્રિલના જાળવણીના કાર્ય માટે બંધ રહેશે.

---------------------------------------------------------------------------------

## આઇપીએલ

ગુજરાત ટાઇટન્સ ટીમે રાજસ્થાન રોયલ્સની ટીમ ને 58 રને હરાવી ચોથી જીત મેળવી વિજયની પરંપરા જાળવી રાખી છે. અમદાવાદ નાં નરેન્દ્ર મોદી સ્ટેડિયમ પરની આઇપીએલની મહત્વની મેચમાં ગુજરાતની ટીમે 6 વિકેટ ગુમાવી 217 રન કર્યા હતા. સાઈ સુદર્શન નાં સૌથી વધુ 82 રન હતા જ્યારે રાજ**સ્થાન** ટીમ 159 રન કરી શકી હતી, પ્રસિદ્ધ કૃષ્ણાએ સૌથી વધુ 3 વિકેટ ઝડપી હતી.

---